ગ્રામ પંચાયતોમાં વર્ગ-૪ ની
જગા ભરવા બાબત.

ગુજરાત સરકાર
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ
પરિપત્ર ક્રમાંક: નપમ-૧૦૨૦૦૧-૧૦૦૮-ક
સચિવાલય ગાંધીનગર
તારીખ:૨૩-૨-૨૦૦૫

**પરિપત્ર:-**

વિભાગના તારીખ:૩૦-૯-૧૯૯૧ ના પરિપત્ર ક્રમાંક:નપમ-૧૦૯૦-૧૮૦૨-ક થી ગ્રામ /નગર પંચાયતોમાં વર્ગ-૪ની જગાઓ (જે નિયમ મુજબ મંજુર થયેલ હોવી જોઇએ) ભરવા બાબતે શરતો નકકી કરી તે મુજબ વર્ગ-૪ ની જગા પર નિમણુંક / ભરતી કરવા સૂચનાઓ આપવામાં આવેલ છે. જે તે સમયે ૧૯૬૪ના ગુજરાત જીલ્લા પચાયત સેવા પસંદગી સમિતી (નાં કાર્યો) બાબતના નિયમોમાં સુધારો કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ હતી અને નિયમોમાં સુધારા કરવામાં સમય જવાની સંભાવના હોવાથી ઉકત તારીખ:૩૦/૯/૯૧ ના પરિપત્ર મુજબ કાર્યવાહી કરવા જણાવવામાં આવેલ હતું.

ઉકત નિયમોમાં સુધારા થઇ જિલ્લા પંચાયત સેવા પસંદગી સમિતી (કાર્યો) નિયમો ૧૯૯૮ - અમલમાં આવેલ છે તે મુજબ સ્થાનિક સંવર્ગ, ગ્રામ પંચાયતની જગ્યાએ પૈકી નિમ્ન કક્ષાની જગ્યાઓ, અર્થાત વર્ગ-૪ ની જગ્યાઓ જેની સમજુતી ગુજરાત પંચાયત સેવા વર્ગીકરણ અને ભરતી (જનરલ) નિયમો ૧૯૯૮ ના નિયમ-૩ (૧)(ખ) મુજબ પરિશિષ્ટ-૨ માં છે. જેનો સમાવેશ બોર્ડ કે સમિતીના કાર્યક્ષેત્ર હેઠળ થતો નથી આ જગ્યાઓ માટે ગુજરાત પંચાયત સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૯૮ના નિયમ-૯ અને ૧૦ અને ગુજરાત પંચાયત સેવા (નિમણૂંક સત્તાધિકારી) નિયમો, ૧૯૯૬ ધ્યાને લેતાં ભરતી, નિમણૂંક અને નિયમો બનાવવા બાબતની જોગવાઇ થયેલ છે. તેમાં ઠરાવ્યા મુજબ ઉપરોકત વિગતો ધ્યાને લઇને પંચાયત સેવાની જીલ્લા સંવર્ગની પરિશિષ્ટ-૩ અને પંચાયત સેવાની તાલુકા સંવર્ગની પરિશિષ્ઠ-૪માં સમાવિષ્ટ નીચલા વર્ગની (વર્ગ-૪)ની પંચાયત સેવાની જગાઓ સિવાયની પંચાયત સેવાની સ્થાનિક સંવર્ગની નીચલા વર્ગની (વર્ગ-૪) ની

જગા પર ગ્રામ પંચાયતોમાં નિમણૂંકો, ભરતી નીચેની શરતોને આધિન રહીને કરવાની રહેશે.

(૧) આવી જગાઓ માટે ઓછામાં ઓછા ત્રણ સ્થાનિક વર્તમાનપત્રોમાં જાહેરાત આપવાની રહેશે. તેમજ જાહેરાતની એક નકલ પંચાયત કચેરીના નોટીસ બોર્ડ પર મુકવાની રહેશે.

(૨) ઉપરાંત સંબંધિત જિલ્લા રોજગાર કચેરીમાંથી પણ નામ મંગાવવાના રહેશે.

(3) ઉપર (૧) અને (૨) અન્વયે મળેલ અરજીઓ તથા નામોમાંથી પસંદગી કરવા માટે ત્રણ સભ્યોની એક સમિતી રચવાની રહેશે. અને તેમાં ગામ પંચાયતના કિસ્સામાં ગ્રામ પંચાયતના બે સભ્યો અને તાલુકા વિકાસ અધિકારી (અથવા તેમના પ્રતિનિધિ) ને ત્રીજા સભ્ય તરીકે રાખવાના રહેશે. આ સમિતી ઉમેદવારોની લેખિત પરીક્ષા અથવા મૌખિક ઇન્ટરવ્યું લઇને આખરી પસંદગી યાદી તૈયાર કરશે અને તે યાદીમાંથી અગ્રતાક્રમ પ્રમાણે નિમણૂંક આપવાની રહેશે.

(૪) ઉપરની સુચનાઓનું દરેક ગામ પંચાયત તરફથી ચુસ્તપણે પાલન કરવામાં આવે અને ઉપરની પધ્ધતિ સિવાય અન્ય કોઇ રીતે ભરતી કરવામાં ન આવે તે જોવાની જવાબદારી સંબધિત તાલુકા વિકાસ અધિકારી તથા જિલ્લા વિકાસ અધિકારીશ્રીની રહેશે.

(૫) ગ્રામ પંચાયતની આવી જગ્યાઓ નિયમોનુસાર મંજૂર થયેલી હોવી જોઇએ.

સરકારશ્રીના ઉપરોકત નિર્ણયની રાજયની સર્વે ગ્રામ પંચાયતોને વાકેફ કરવા જીલ્લા વિકાસ અધિકારીશ્રી તથા તાલુકા વિકાસ અધિકારીશ્રીને અનુરોધ કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સી.એમ.રાઠોડ
ઉપસચિવ
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

પ્રતિ,
વિકાસ કમિશ્નરશ્રી,
સર્વે જીલ્લા વિકાસ અધિકારીશ્રી,
સર્વે તાલુકા વિકાસ અધિકારીશ્રી,
વિભાગની ખ,છ,ડ,શાખાઓ,
સિલેકટ ફાઇલ.